

તાજેતરમાં વડોદરા મુકામે રાજ્યકક્ષાની રોલ બૉલ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૧૧ વર્ષથી ઓછી વયના ખેલાડીઓના વિભાગમાં ગાંધીનગરના ખેલાડી ઈશાની ગોસ્વામી, ઝૈત્ર, સ્નેહાશ્રી, ધન્વી દવે, રૂઝલ પટેલ અને રાજબીરે દ્વિતીય વિજેતા સ્થાન મેળવ્યું હતું. આ ખેલાડીઓની પસંદગી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પણ કરવામાં આવી હતી. કોચ ભાર્ગવ આયરે તેમને અભિનંદનદ સહ શુભકામનાઓ પાઠવી હતી.



ગાંધીનગર, તા. ૯

૭મી ડિસેમ્બરે ઉજવાતો સશસ્ત્ર સેના દિવસ એ ભારતીય સશસ્ત્ર દળના જવાનોનાં કલ્યાણ માટે સમર્પિત દિવસ છે. આ દિવસની ઉજવણી ભારતમાં ૧૯૪૯થી કરવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ સૈન્ય જવાનોને સન્માન અને શહિદોને શ્રદ્ધાંજલી આપવાનો છે. રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા આ ખાસ દિવસને અનુલક્ષીને વિશેષ નાટ્ય તૈયાર કરવામાં આવ્યું હતું, જેમાં સૈનિકોની રાષ્ટ્રભક્તિ, બહાદુરી અને બલિદાનનું દર્શન ઉત્કૃષ્ટ રીતે કરાવવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



**મુકેશ શાહ**
**પ્રમુખ, એનસીપી, ગાંધીનગર શહેર**



**અર્ણવ મેહુલકુમાર કવિ**
**મો. ૯૬૨૪૯ ૪૪૮૨૦**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બી.એડ.કોલેજના તાલીમાર્થીઓ વ્યાકરણથી સજ્જ થાય તે હેતુથી સમાસના પ્રકારો વિશે કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કલ્પેશભાઈ પટેલે વિવિધ સમાસની સમજ ઉદાહરણ સાથે આપી હતી. કાર્યક્રમના અંતે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરિવાર વતી આભાર દર્શન કર્યું હતું.

### ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર, તા. ૯

અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાયેલી રાજ્ય કક્ષાની ૧૫મી અલોહા સ્પર્ધામાં ટાઈની-ટોટ લેવલ-૬માં સેકન્ડ રનર-અપની ટ્રોફી પ્રાપ્ત થઈ હતી. રમતપ્રેમીઓ તરફથી તેમને અભિનંદનો પ્રાપ્ત થઈ રહ્યા છે.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનાં બાળકો ઈન્ટરસ્કૂલ સ્પીડ સ્કેટિંગ સ્પર્ધામાં ઝળક્યાં



લેકાવાડા ખાતે સ્થિત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનાં બાળકો સેક્ટર-૨૮ ખાતે સ્થિત સમર્પણ કૉલેજમાં આયોજિત ઈન્ટરસ્કૂલ સ્પીડ સ્કેટિંગ ચેમ્પિયનશીપ ઈવેન્ટમાં ભાગીદાર બન્યા હતા અને મેંડલ જીતવા માટે હકદાર બન્યા હતા.

# ફિઝિયોથેરાપી કૉલેજ દ્વારા નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કૅમ્પ



ગાંધીનગર, તા. ૯

સી ઍમ પટેલ કૉલેજ ઑફ ફિઝિયોથેરાપી દ્વારા નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પ નડાબેટ બૉર્ડર પર સૂઈગામ ખાતે બીઍસઍફના જવાનો માટે યોજવામાં આવ્યો હોત. જવાનો સહિત ૧૦૨ નાગરિકોએ આ કૅમ્પનો લાભ લીધો હતો. કૉલેજના પ્રૉ. ડૉ. પાર્થ ત્રિવેદી, ડૉ. ઋચિર પટેલ અને કૉલેજના બીપીટીના છ વિદ્યાર્થીઓ દ્વારા પોતાની સેવાઓ આ કૅમ્પ માટે પૂરી પાડવામાં આવી હતી.


# મહાત્મા ગાંધી વિદ્યામંદિરના બે વિદ્યાર્થી સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ઝળકી ઉઠ્યા



ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મહાત્મા ગાંધીનગર વિદ્યામંદિર, સૅક્ટર-૧૬, ગાંધીનગરમાં અભ્યાસ કરતા બે મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ઝળકી ઊઠ્યા હતા. મનોદિવ્યાંગ વિદ્યાર્થી સંજય અંજારાએ બોસી ગેમમાં પ્રથમ ક્રમાંક મેળવી રૂપિયા પાંચ હજારનો પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. મહાત્મા ગાંધી વિદ્યામંદિરમાં કમ્પ્યુટર શિક્ષક તરીકે સેવારત જગદીશભાઈ ધોરિયો ગોળા ફેંકની રમતમાં દ્વિતીય વિજેતાપદ મેળવી રૂપિયા ૩ હજારનો પુરસ્કાર મેળવ્યો હતો. રોહિત વાળંદે ૫૦ મીટર દોડમાં તૃતિય સ્થાને વિજેતા બની રૂ. બે હજારનો પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. વિશિષ્ટ શિક્ષક રમીલાબેન પટેલે ખેલવીરોને માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય એલ વી રાતડિયા, સંયોજક નટુભાઈ લાડાણીઅને નરસિંહભાઈએ સમગ્ર શાળા પરિવાર વતી આ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ડીપીઍસ ખાતે સંસ્કૃત પ્રશ્નમંચ યોજાયો



ડી.પી.એસ. ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે એક સંસ્કૃત પ્રશ્ન મંચનું આયોજન થયું હતું. કક્ષા આઠના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના સંસ્કૃત વિભાગાધ્યક્ષ ભાવિન પાઠક દ્વારા સંસ્કૃત વ્યાકરણ, સંસ્કૃત સાહિત્ય અને સામાન્ય જ્ઞાનને લગતા પ્રશ્નો સંસ્કૃત ભાષામાં જ પૂછવામાં આવ્યા હતા.



એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વિશ્વ દિવ્યાંગતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓને શિક્ષક રીમા ભાવસાર અને પ્રિયા કૃપાલાની દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. દિવ્યાંગ વ્યક્તિોની સમસ્યાઓ અને આ સમસ્યાઓનો તેઓ સામનો કેવી રીતે કરે છે તે અંગે વિદ્યાર્થીઓને વિગતે માહિતી આપવામાં આવી હતી. દિવ્યાંગોના પ્રેરણાત્મક પ્રસંગો સંભળાવી વિદ્યાર્થીઓને અભિપ્રેરીત પણ કરવામાં આવ્યા હતા.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (બી.સી.એ.) દ્વારા

# ત્રિદિવસીય આઈટી ફેર અને આર્ટ-લિટરરી ઈવેન્ટ સંપન્ન






ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (બી.સી.એ.) ગાંધીનગર દ્વારા કોલેજ કેમ્પસ ખાતે ત્રિદિવસીય આઈ.ટી.ફેર અને 'અક્ષ' - આર્ટ અને લીટરરી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાની કુલ ૫૪ કરતાં વધારે સ્કૂલોના ૪૧૦૭ જેટલા વિદ્યાર્થીઓએ આઈ.ટી.ફેરની મુલાકાત લીધી હતી. જેમાં બી.સી.એ. કોલેજના ૨૦ પ્રધ્યાપકો અને ૪૬૬ વોલીયન્ટર્સની ટીમ સતત કાર્યરત રહી હતી. આ આઈ.ટી.ફેરમાં કમ્પ્યુટરની વિવિધ ટેક્નોલૉજી અને તેને સંલગ્ન ટૂલ્સને દર્શાવતા ૧૩ કરતાં વધારે સ્ટોલ્સમાં ૧૩૧ જેટલા લાઈવ મોડેલ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં મધર અર્થ, રોબોપીડિયા , બાયોમેટ્રિક ટેક્નોલૉજી, મલ્ટીમીડિયા ટેક્નોલૉજી, નેક્ષ્ટ જનરેશન ટેક્નોલૉજી, સેન્સર ટેક્નોલૉજી, જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ, સોશિયલ મીડિયા સિક્યોરિટી , એમ્બેડેડ સિસ્ટમ, ઈન્ટરનેટ ઓન થિંગ્સ, મોબાઈલ કમ્પ્યૂટિંગ, ગૂગલ સર્વિસ, આર્ટિફિસિયલ ઈનટેલીજન્સ, વર્ચુયલ રિયાલીટી, અગ્મેંટેડ રિયાલીટી, સ્માર્ટ સિટી, સોલર સિટિ, વિડિયો મેપિંગ પ્રોજેક્શન, હેકિંગ, સેન્સર ટેક્નોલૉજી, ઈ-કોમર્સ સિક્યોરિટી, રોબોપૂલ, જેવી વિવિધ ટેક્નોલૉજીને આવરી લેવામાં આવી હતી. અહીં વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં જ તૈયાર કરવામાં આવેલા લાઈવ પ્રોજેક્ટ્સ પણ મુકવામાં આવ્યા હતા જેમાં કમ્પ્યુટર સિક્યોરિટી, ૪ડી ટેક્નોલોજી, વેબ ટેક્નોલૉજી, રોબોટ્ર્સ દ્વારા ઘર કે ઓફિસની સિક્યોરિટી, સ્માર્ટ પાંર્કિંગ, સોલર કાર, સોલર સિટિ, સ્માર્ટ મિરર, સ્માર્ટ ડ્રૉઈંગ, ઓબ્જેક્ટ ડિટેકશન અને ફેસ ડિટેકશન, ક્યૂઆર કોડ અને બાર કોડ ફિંગર પ્રિન્ટ ડિટેકશન, સેન્સર બેઝ સિક્યુરિટી સિસ્ટમ, કાર્ટૂનિંગ, ઈમેજ મૉફિંગ, સિક્યોર હોમ, લાઈફઈ , એટીએમ મશીન, વર્ચુયલ મશીન, વિડિયો મેપિંગ, આર્ટિફિશ્યલ આઈ જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વર્ચુયલ હોમ ડેકોરેશનના પ્રોજેકટે કોમર્શિયલ રૂપ ધારણ કર્યુ છે ત્યારે ત્યારે આ પ્રોડક્ટ માર્કેટમાં લૉચ પણ થઈ ગઈ છે, કોલેજના જ વિદ્યાર્થીઓએ કરેલા વર્ચુયલ રિયાલીટી અને અગ્મેંટેડ રિયાલીટીના પ્રોજેક્ટને સ્ટાર્ટ અપ પ્રોજેકટ તરીકે ગુજરાત સરકારે માન્ય ગણ્યો છે.

ત્રિદિવસીય આઈ.ટી. ફેર અને અક્ષના આયોજન વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો.સંજય એમ શાહે જણાવ્યુ હતું કે કોલેજના અભ્યાસક્રમમાં શીખવવામાં આવતા વિષયોને જયારે વિદ્યાર્થીઓ પોતાની રીતે લાઈવ મોડેલમાં પરિવર્તિત કરે છે ત્યારે તેઓ સાચા અર્થમાં પારંગત થાય છે. આઈ.ટી.ફેરની સાથે આયોજિત અક્ષ-આર્ટ અને લિટરરી ઈવેન્ટમાં અક્ષ ઈવેન્ટની વિવિધ સ્પર્ધાઓ જેવીકે મહેંદી, કાર્ડ મેકિંગ, ક્વિઝ, રંગોળી, વકૃત્વ સ્પર્ધા, મેથ પઝલ, સ્ટોરી કંપલિશન, જેવી વિવિધ સ્પર્ધાઓમાં ૧૧૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પોતાનામાં રહેલી કળાને પ્રદર્શિત કરવા પ્રયત્ન કર્યો હતો. સ્પર્ધાના અંતે વિજેતા વિદ્યાર્થીઓને પરિતોષિક અર્પણ કરવામાં આવ્યા હતા.

આ ઈવેન્ટને કડી સર્વ વિશ્વવિદ્યાલયના કેમ્પસ ડાયરેક્ટર ડો. સોમભાઈ પટેલ સાથે ડો. રમાકાંત પૃસ્ટી , ડો. વિગ્ના ઓઝા, ડો. ભદ્રેશ પંડ્યા, ડો. ચેતના બુચ, અર્પિત ક્રિશ્ચિયન, ગીતેશભાઈ અને વિનોદભાઈ દ્વારા દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાની વિવિધ શાળા અને કોલેજના આચાર્યો, શિક્ષક મિત્રો, પત્રકાર મિત્રો તથા ઈંડસ્ટ્રીઝના મહાનુભાવો હાજર રહ્યા હતા.

સમગ્ર ત્રિદિવસીય આઈ.ટી. ફેર દરમિયાન વિદ્યાર્થીઓના મનોરંજન માટે જુદા જુદા ફન ઝોન અને ગેમ ઝોનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર ઈવેન્ટનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ ડો. અભિજીતસિંહ જાડેજા, પ્રો. રૂપેશ વ્યાસ , પ્રો. જૈમિની કુલકર્ણી અને પ્રો. શ્વેતા વ્યાસ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પ્રાધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.